# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૨ તા.૦૪-૧૧-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- ડુપ્લીકેટ સેવાપોથીની માન્યતા, રજા મંજુર કરાવવા અંગે, PPAN(Permanent Pension Account Number) CPFની દરખાસ્ત અંગે માર્ગદર્શન હેતુ SAS વેબસાઇટ પર મુકવામાં આવેલ માહિતી સબબ.

સંદર્ભઃ- ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૫૩૬૯-૫૪૨૨ તા.૦૨-૧૧-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, મેડીકલ રીએમ્બર્સ, ઉચ્ચક સહાય, રાજ્ય બહાર પ્રવાસ મંજુરીની દરખાસ્ત પૈકી મોટાભાગની દરખાસ્તોમાં જરૂરી તમામ ડોક્યુમેન્ટ ન હોવાથી પૂર્તતા માટે પરત મોકલવામાં આવે છે. આથી સમય, નાણાં અને માનવ કલાકોનો વ્યય થાય છે અને અરજદારને સમયસર ન્યાય મળતો નથી. આ પરિસ્થિતિ ટાળવા SAS વેબસાઇટ પર મેડીકલ રીએમ્બર્સ, ઉચ્ચક સહાય, રાજ્ય બહાર પ્રવાસ મંજુરીની દરખાસ્ત કેમ તૈયાર કરવી ? તેની સંપૂર્ણ માહિતી જરૂરી ઠરાવ સાથે મુકવામાં આવેલ છે. (૧) ડુપ્લીકેટ સેવાપોથીની માન્યતા (૨) રજા મંજુર કરાવવા અંગની દરખાસ્ત (૩) PPAN(Permanent Pension Account Number) CPF એકાઉન્ટ બાબતની દરખાસ્ત કેમ તૈયાર કરવી? ક્યા ક્યા આધારો જરૂરી છે? અને ઠરાવ તેમજ ચેકલીસ્ટ સબબની તમામ માહિતી SASની વેબસાઇટ પર તથા Director of Primary Education ની વેબસાઇટ પર Dpe Official પર મુકવામાં આવેલ છે. જેમની પ્રિન્ટ વેબસાઇટ પરથી મેળવી શકાશે. હવેથી દરેક શિક્ષકે જાતે ઠરાવની જોગવાઇઓનો અભ્યાસ કરી જરૂરી નિયત નમૂનાઓની પ્રિન્ટ મેળવી દરખાસ્ત યોગ્ય રીતે તૈયાર કરવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૪-૧૧-૨૦૨૦

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/ ૫૩૫૯-૫૪૨૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૨/૧૧/૨૦૨૦

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- ડુપ્લીકેટ સેવાપોથીની માન્યતા, રજા મંજુર કરાવવા અંગે, PPAN (Permanent Pension Account Number) CPF ની દરખાસ્ત અંગે માર્ગદર્શન હેતુ SAS વેબસાઈટ પર મુકવામાં આવેલ માહિતી સબબ.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપના તરફથી અત્રેની કચેરીમાં મેડીકલ રીએમ્બર્સ, ઉચ્ચક સહાય, રાજ્ય બહાર પ્રવાસ મંજુરીની દરખાસ્ત આવતી હોય છે. આ દરખાસ્તો પૈકી મોટાભાગની દરખાસ્તોમાં જરૂરી તમામ ડોક્યુમેન્ટ ન હોવાથી પૂર્તતા માટે પરત મોકલવામાં આવે છે. આથી સમય, નાણાં અને માનવ કલાકોનો વ્યય થાય છે અને અરજદારને સમયસર ન્યાય મળતો નથી. આ પરિસ્થિતિ ટાળવા SAS વેબસાઈટ પર મેડીકલ રીએમ્બર્સ, ઉચ્ચક સહાય, રાજ્ય બહાર પ્રવાસ મંજુરીની દરખાસ્ત કેમ તૈયાર કરવી ? તેમની સંપૂર્ણ માહિતી જરૂરી ઠરાવ સાથે મુકવામાં આવેલ છે તેમજ જરૂરી નિયત નમૂના જેમ કે નિયત નમૂનાનું સોગંદનામું વગેરે મુકવામાં આવેલ છે. જેમની પ્રિન્ટ વેબસાઈટ પરથી મેળવી શકાશે. જે અંગેની જાણ આપશ્રીને અત્રેની કચેરીના તા. ૨૨/૦૬/૨૦૨૦ ના પત્રથી કરવામાં આવેલ છે.

ઉપરોકત દરખાસ્ત ઉપરાંત નવી ૩ બાબતો (૧) ડુપ્લીકેટ સેવાપોથીની માન્યતા (૨) રજા મંજુર કરાવવા અંગેની દરખાસ્ત (૩) PPAN (Permanent Pension Account Number) CPF એકાઉન્ટ બાબતની દરખાસ્ત કેમ તૈયાર કરવી? કયા કયા આધારો જરૂરી છે? અને ઠરાવ તેમજ ચેકલીસ્ટ સબબની તમામ માહિતી SAS ની વેબસાઇટ પર તથા Director of Primary Education ની વેબસાઇટ પર Dpe Official પર મુકવામાં આવેલ છે.

જરૂરી તમામ માહિતી વેબસાઈટ પર હોય આપની કચેરીના આ કામગીરી સંભાળતા અધિકારી/કર્મચારી હવે પછી કોઈ ફાઈલ પૂર્તતા માટે પરત ન આવે તેની ખાસ તકેદારી રાખે અન્યથા તે તેમની વ્યક્તિગત જવાબદારી ગણાશે. પૂર્તતા માટે હવે પછી જે તે સંબંધિત અધિકારી/કર્મચારીએ અત્રેની કચેરીએ સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે જેની ખાસ નોંધ લેશો.

આપ સૌ જાણો છો કે, SAS વેબસાઈટનો ઉપયોગ હાલ રાજયની તમામ શાળાઓમાં થઇ રહ્યો છે આથી શાળા કક્ષાએ દરેક શિક્ષક જાતે ઠરાવની જોગવાઈઓનો અભ્યાસ કરી જરૂરી નિયત નમૂનાઓની પ્રિન્ટ મેળવી દરખાસ્ત યોગ્ય રીતે તૈયાર કરે તે હેતુથી અને આ બાબતોથી દરેક શિક્ષક માહિતગાર થાય તે માટે દરેક શાળા સુધી આ બાબતની જાણ આપની કક્ષાએથી કરશો.

(ડૉ. એમ.આઇ.જોષી)
નિયામક પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

Scanned with CamScanner